➢ **નગરપાલિકાના કાર્યોના ભાગ તરીકે અથવા તેની સલાહ અને હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેની બેઠકોની કાર્ય નોંધો લોકોને મળવા પાત્ર છે કે કેમ :–**

❖ જેતપુર નવાગઢ નગરપાલિકાના ભાગ તરીકે રચવામાં આવેલ સમિતિઓ :–
ગુજરાત નગરપાલિકા અધિનીયમ ૧૯૬૩ ની કલમ ૫૩ થી ૫૬ માં થયેલ જોગવાઈઓ તથા કલમ ૨૭૧ તળે ના નિયમાનુસાર રચવામાં આવેલ સમિતિઓ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | કારોબારી સમિતિ | ૧૧. | વોટરવર્કસ સમિતિ |
| ૨. | પ.વ.ડી. સમિતિ. | ૧૨. | ઈલેકટ્રીક સમિતિ |
| ૩. | સેનીટેશન સમિતિ | ૧૩. | વાહન સમિતિ |
| ૪. | હાઉસ ટેક્ષ સમિતિ | ૧૪. | યુ.બી.એસ. સમિતિ |
| ૫. | શોપ સમિતિ | ૧૫. | લો સમિતિ |
| ૬. | ટાઉન પ્લાનિંગ સમિતિ | ૧૬. | ગંદા વસવાટ સમિતિ |
| ૭. | એસ્ટાબ્લીસમેન્ટ સમિતિ | ૧૭. | શાળા અને લાયબ્રેરી સમિતિ |
| ૮. | શોપીંગ સેન્ટર સમિતિ | ૧૮. | સ્મશાન (મુકિતધામ) સમિતિ |
| ૯. | ગાર્ડન સમિતિ | ૧૯. | રમતગમત સમિતિ |
| ૧૦. | સમાજ કલ્યાણ સમિતિ | | |

ઉપરોકત સમિતિઓ તારીખ ૨૮/૪/૨૦૦૫ થી ૧ (એક) વર્ષની મુદત માટે રચાયેલ છે. આ સમિતિની સતાઓ અધિનિયમની કલમ ૫૩ થી ૫૬ માં દર્શાવ્યા અનુસાર અને તેને સોપાયેલ કાર્યો બજાવવાની અને અધિનિયમની કલમ ૨૭૧ અન્વ્યેના નિયમો થી ઠરાવ્યા પ્રમાણેની છે.

આ તમામ સમિતિની બેઠકો નગરપાલિકાની મુખ્ય કચેરીમાં આવેલ સભાખંડમાં મળશે. તથા તેમાં અધ્યક્ષ સ્થાન લેનારને જરૂરી જણાય તે સિવાયની તમામ બેઠકો જનતા માટે ખુલ્લી રહેશે.

આ તમામ સમિતિઓની કાર્યવાહી ના રોજકામ નિયમોની જોગવાઈ અનુસાર અધ્યક્ષ શ્રીની સહી મેળવી અમલિકરણ અર્થે મોકલવામાં આવે છે.

આ તમામ સમિતિની બેઠકોની કાર્યનોંધ, ઠરાવ જાહેર જનતાને ઉપલબ્ધ છે. જે મેળવવા અર્થે નિયત અરજી ફોર્મમાં નગરપાલિકાના જાહેર માહિતી અધીકારી અને ચીફ ઓફિસરશ્રીને અરજી કરવાની રહેશે. અને નિયત ફી ભર્યેથી મેળવી શકશે.